**Series ΨYZXW/C** **Set-4**

**Q.P. Code 9**

Roll No. ☐☐☐☐☐☐☐☐

Candidates must write the Q.P. Code on the title page of the answer-book.

# ગુજરાતી

# GUJARATI

*સમય સીમા :* ***3*** *કલાક* — *કુલ અંક :* ***80***

*Time allowed :* ***3*** *hours* — *Maximum Marks :* ***80***

- Please check that this question paper contains **15** printed pages.
- Q.P. Code given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.
- Please check that this question paper contains **15** questions.
- **Please write down the serial number of the question in the answer-book before attempting it.**
- 15 minute time has been allotted to read this question paper. The question paper will be distributed at 10.15 a.m. From 10.15 a.m. to 10.30 a.m., the students will read the question paper only and will not write any answer on the answer-book during this period.

**General Instructions :**

*Question paper is divided into **two** sections. It has total **15** questions.*

*Section A : **8** Questions no. **1** to **8***

*Section B : **7** Questions no. **9** to **15***

*Attempt questions as per specific instructions.*

*Write question no. in answer-book before attempting it.*

## SECTION A
## (Advanced Reading Skill)

**1.** નીચે આપેલો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરનો સાચો વિકલ્પ પસંદ કરીને લખો. *5*

માણસના મનની અંદર હંમેશા બે બારીઓ હોય છે. એકમાંથી પોતે કેવો છે તે જોઈ શકે છે અને બીજીમાંથી પોતે કેવો હોવો જોઈએ તેનો તેને ખ્યાલ આવી શકે છે. શરીર અને મન એ બધાં નોખાં નોખાં તપાસવાં એ આપણું કામ છે, પણ તેટલેથી અટકી જઈએ તો એનું જ્ઞાન મેળવ્યા છતાં આપણે કંઈ ફાયદો મેળવી શકીશું નહીં. અન્યાય, દુષ્ટતા, અભિમાન વગેરેથી શું પરિણામ આવે છે અને જ્યાં એ ત્રણ વસ્તુ હોય છે ત્યાં કેવી ખરાબી થાય છે, એ જાણવાની જરૂર છે અને એ જાણ્યેથી પણ બસ નથી; પણ જાણ્યા પછી એ પ્રમાણે વર્તવાનું છે. નીતિનો વિચાર તો આર્કિટેક્ટ (સ્થપતિ)ના નકશા જેવો છે. નકશો ઘર કેમ બાંધવું તે બતાવે છે; પણ જેમ ચણતર ન કર્યું હોય તો નકશો નકામો થઈ પડે છે. તેમ નીતિના વિચાર પ્રમાણે આચરણ ન કર્યું હોય તો નીતિનો વિચાર નકામો થઈ પડે છે. ઘણા માણસો નીતિનાં વચનો યાદ કરે છે, તે વિશે ભાષણો કરે છે; પણ તે પ્રમાણે ચાલતા નથી અને ચાલવા માગતા પણ નથી. કેટલાક વળી એમ માને છે કે નીતિના વિચારો આ લોકમાં નહીં પણ મરણ પછી પરલોકમાં અમલમાં લાવવાના છે. આ કંઈ વખાણવાલાયક વિચાર ગણાય જ નહીં. એક વિચારવાન માણસે કહ્યું કે, 'જો આપણે સંપૂર્ણ થવું જ હોય તો આજથી જ, ગમે તે દુઃખો સહન કરીને નીતિ પ્રમાણે ચાલવું જોઈએ.'

(i) લેખકના મતે આપણું કામ શું છે ?

(a) શરીર અને મનની પંપાળ કરવી

(b) શરીર અને મનને જુદાંજુદાં તપાસવાં

(c) શરીર અને મનને જોવાનાં જ નહિ

(d) શરીર અને મનને ભૂલી જવાનાં

(ii) મનની બારીઓ કયા ઉપયોગમાં આવી શકે ?

(a) રસ્તો જોઈ શકવાના (b) અભિમાન કરવાના

(c) શરીરને પંપાળવાના (d) આત્મનિરીક્ષણ કરવાના

(iii) નીતિનો વિચાર કોના જેવો છે ?

(a) આત્માના નકશા જેવો (b) સ્થપતિના નકશા જેવો

(c) શરીરના નકશા જેવો (d) પરલોકના નકશા જેવો

(iv) સંપૂર્ણ થવા માટે મનુષ્યે શું કરવું જોઈએ ?

(a) નીતિમય જીવન જીવવું જોઈએ

(b) પરલોકમાં વસવું જોઈએ

(c) નીતિ વિષયક ભાષણો આપવા જોઈએ

(d) નીતિના વિચારો મોઢે કરવા જોઈએ

(v) નીતિના વિચાર પ્રમાણે આચરણ ન કરીએ તો નીતિનો વિચાર કેવો થઈ જાય છે ?

(a) વ્યર્થ (b) નિરર્થક

(c) મિથ્યા (d) (a), (b) અને (c)

**2.** નીચે આપેલો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરનો સાચો વિકલ્પ પસંદ કરીને લખો. *6*

એક વસ્તુ તરફ ભલાભલા કેળવણીકારોનું પણ ધ્યાન ગયું નથી. હાથપગની કેળવણીથી કૌશલ કેળવાય છે. એટલું જ નહિ પણ રચનાત્મક બુદ્ધિ ખીલે છે અને સંસ્કારિતા કેળવાય છે, એનું ભાન જોઈએ એટલા લોકોને નથી થયું એ દુઃખની વાત છે જ. પણ હાથપગના સ્વાશ્રય વિના ચારિત્ર્ય પણ કોઈ કાળે કેળવાતું નથી; કેળવાય તો

એ મજબૂત થતું નથી. વિલાસિતા જાળવીને જોઈએ ચારિત્ર્ય સાચવ્યું છે એમ આજ સુધી બન્યું નથી. કેમ કે એ વાત મનુષ્ય સ્વભાવથી વિરુદ્ધ છે. સ્વાશ્રય અને સંયમ એ ચારિત્ર્યનાં બે ફેફસાં છે. એ ચાલે નહિ તો પ્રાણ એક ક્ષણ પણ ટકે નહિ. જ્યાં સ્વાશ્રય અને સંયમ નથી ત્યાં ડગલે ને પગલે જીવન અનેક જાતની લુચ્ચાઈ અને કપટનીતિનો આશ્રય શોધે છે. જે માણસ હાથપગ વાપરીને મહેનતનું કામ કરવાનો આનંદ લે છે તેનામાં અખૂટ હિંમત હોવાથી તેને નાસીપાસ થવાનો વારો આવતો નથી. એ દિલદાર હોય છે. બીજાની મૂંઝવણ જોઈ એનું હૈયું સહેજે પીગળે છે. વિકટમાં વિકટ પરિસ્થિતિમાં પણ 'ટકીશ કે કેમ' એવો અવિશ્વાસ એની પાસે આવતો નથી. કેમ કે જાતમહેનતની બૅન્કનું કદી દેવાળું નીકળતું નથી. કિન્નાખોરીનું પ્રમાણ કાઢવા બેસીએ તો દેખાશે કે હાથપગ ન વાપરવાથી જેઓ અપંગ થયા છે. પરાવલંબી અને આશ્રિત બન્યા છે તેમનામાં કિન્નાખોરી વધારે હોય છે. સ્વાશ્રય તો હંમેશા ઉદાત્ત જ હોય અને છતાં એનામાં ઉદારતાનો ડોળ કરનાર ઉડાઉપણું નથી હોતું એ ખાસ લાભ છે.

(i) હાથપગની કેળવણીથી શો લાભ થાય છે ?
- (a) આત્મવિશ્વાસ વધે
- (b) રચનાત્મક બુદ્ધિનો વિકાસ થાય
- (c) ઉદારતા ને હિંમત વધે
- (d) આપેલ તમામ

(ii) ચારિત્ર્યના ફેફસા કયા છે ?
- (a) સંયમ ને બુદ્ધિ
- (b) સ્વાશ્રય ને સંયમ
- (c) મહેનત ને સ્વાશ્રય
- (d) સંયમ ને સંતોષ

(iii) કઈ બૅન્કનું ક્યારેય દેવાળું નીકળતું નથી ?
- (a) આત્મસંયમ
- (b) જાતમથામણ
- (c) જાતમહેનત
- (d) આત્મજ્ઞાન

(iv) કેવો મનુષ્ય ક્યારેય નાસીપાસ થતો નથી ?
- (a) લુચ્ચો
- (b) સ્વાશ્રયી
- (c) લોભી
- (d) બુદ્ધિહીન

(v) ચારિત્ર્યના ઘડતર માટે કઈ વસ્તુ જરૂરી છે ?

(a) સ્વાશ્રય
(b) બુદ્ધિ
(c) પંગુતા
(d) વિલાસિતા

(vi) કેવા વ્યક્તિમાં કિન્નાખોરી વધારે હોય છે ?

(a) સ્વાવલંબી
(b) સ્વાશ્રયી
(c) પરાવલંબી
(d) ઉડાઉ

**3.** નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરનો સાચો વિકલ્પ પસંદ કરી લખો. *5*

પિતા જ્યારે હોતા નથી
અને મા વધારે વૃદ્ધ થતી જાય છે.
ત્યારે એની આંખમાંથી પ્રશ્ન ડોકાયા કરે છે
'આ પુત્ર મને સાચવશે ખરો ?'
પણ એ પ્રશ્ન શબ્દ બનીને હોઠ ઉપર નથી આવતો.
આ એ જ મા
જેણે મને ફૂલની જેમ સાચવ્યો,
જે મારાં પગલાં પાછળ પાછળ અધર ટીંગાઈ રહેતી –
હું મોટો થઈને ટટ્ટાર ઊભો રહ્યો ત્યાં સુધી
આ એ જ મા
જે મીઠાં હાલરડાંના ઘેનમાં મને ડૂબાવી પછી જ સૂતી
આજે એ ઊંઘમાંથી ઝબકી ઝબકીને જાગી ઉઠે છે.
પણ બોલતી નથી.
એના ધ્રુજતા હાથમાંથી વારે-વારે એક શંકા છટકી જાય છે.
કે દીકરાનો હાથ એને દગો દેશે તો ?
હું એને ટેકો આપીશ કે એવું કશું જ કહી નથી શકતો.
ફકત
મને મારા હાથ
કાપી નાખવાનું મન થાય છે.

(i) કવિને વૃદ્ધ માની આંખમાંથી ક્યો પ્રશ્ન ડોકાયા કરે છે ?

(a) મારો પુત્ર મારો સહારો બનશે ?

(b) મારો પુત્ર મને સાચવશે ખરો ?

(c) મારો પુત્ર મને વૃદ્ધાશ્રમમાં તો નહિ મોકલે ને ?

(d) (a), (b) અને (c)

(ii) કવિને માએ કેવી રીતે સાચવ્યો હતો ?

(a) કુસુમની જેમ

(b) ટટ્ટાર રાખીને

(c) હાલરડાંની જેમ

(d) માર મારીને

(iii) મા ક્યારે સૂતી હતી ?

(a) બાળકને નવડાવીને

(b) બાળકને સુવાડીને

(c) બાળકને રમાડીને

(d) બાળકને મારીને

(iv) મા કેવી રીતે જાગી જાય છે ?

(a) ઝબકીને

(b) રડીને

(c) હસીને

(d) પડખું ફરીને

(v) ‘હોઠ’ શબ્દનો સમાનાર્થી શબ્દ શું થાય ?

(a) હાથ

(b) ફૂલ

(c) અધર

(d) ટેકો

## (Literature)

**4.** નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ શોધીને લખો. *8*

(i) મીરાંબાઈની પદો શેનાં માટે જાણીતાં છે ?

(a) લાગણી માટે

(b) ભાષાની સાદગી માટે

(c) ગાવા માટે

(d) વૃંદાવન માટે

(ii) 'પ્રયાણ' પાઠના સાચા સાહિત્યકાર અને સાહિત્યપ્રકાર જણાવો.

(a) રમણભાઈ નીલકંઠ : નવલિકાખંડ

(b) હરિકૃષ્ણ પાઠક : નવલકથાખંડ

(c) રમણભાઈ નીલકંઠ : નવલકથાખંડ

(d) ચુનીલાલ મડિયા : નવલિકાખંડ

(iii) 'તે બેસે અહીં' કાવ્ય કવિના કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યું છે ?

(a) પીડા પર્યંત

(b) હરિનાં લોચનિયાં

(c) આલબેલ

(d) યદા તદા ગઝલ

(iv) લેખક વિકાસ શર્માના મનમાં પરદેશીઓની કેવી છાપ હતી ?

(a) તેઓ ખૂબ આળસુ હશે.

(b) તેઓ મોજશોખવાળું જિવન જીવતા હશે.

(c) તેઓ ટેકનોલોજીનો ઉપયોગ ઓછો કરતા હશે.

(d) તેઓ દરરોજ પ્રાણાયામ કરતા હશે.

(v) 'હાથ મેળવીએ' કાવ્યમાં કવિએ શેનું મહત્ત્વ સ્થાપ્યું છે ?

(a) ભાવસંવેદનનું

(b) હાથનું

(c) હૃદયનું

(d) સત્તાનું

(vi) 'સૂરજ તો બધે જ સરખો' પાઠમાં સર્વજ્ઞભાઈના મતે મોંઘવારીમાં દાર્જિલિંગમાં ફરવા માટે શું કરવું ?

(a) દહીવડાં ખાધા કરવા નહિ

(b) એક ટંક જમવાનું

(c) ઘરનો જ નાસ્તો કરવાનો

(d) તંબુમાં રહેવાનું

(vii) 'દીવાનખાનામાં' કાવ્યમાં નીચેનામાંથી કયો અંગ્રેજી શબ્દ આવતો નથી ?

(a) કારપેટ

(b) સોફા

(c) લેમ્પ

(d) બાસ્કેટ

(viii) વાર્તાનાયકે અમથી માને ક્યાં પ્રવેશતાં સાદ કર્યો ?

(a) ઘરમાં

(b) માંડવીમાં

(c) આંગણામાં

(d) રસોડામાં

**(Applied Grammar)**

**5.** નીચે આપેલા રૂઢિપ્રયોગના સાચા અર્થ શોધીને લખો. (કોઈપણ ***ચાર***) *4*

(i) મોકાણ માંડવી

(a) ભારે નુકસાન થાય તેવી હાલત કરવી

(b) ખૂબ પ્રયત્ન કરવા

(c) થાકી જવું

(d) રઘવાયા થવું

(ii) મટકું મારવું

(a) જોરથી મારવું

(b) આંખનો પલકારો મારવો

(c) મૃત્યુ થવું

(d) આંખમાં કચરો પડવો

(iii) સૂર્ય તપવો

(a) ખૂબ ગરમી લાગવી

(b) સફળતાના શિખર પર ન હોવું

(c) સફળતાની ટોચ પર હોવું

(d) તડકામાં શેકાવું

(iv) દીપક હોલવાઈ જવો

(a) મૃત્યુ પામવું

(b) મરણ પામવું

(c) મોત થઈ જવું

(d) (a), (b) અને (c)

(v) ધરાઈ જવું

(a) જોરથી ભૂખ લાગવી

(b) ખૂબ ખાવું

(c) તૃપ્ત થઈ જવું

(d) ખાવાની ઇચ્છા ન થવી

**6.** નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ પસંદ કરીને લખો. (કોઈપણ ***ચાર***) *4*

(i) અંધારિયા પક્ષનો છેલ્લો દિવાસ

(a) પૂનમ

(b) વદ

(c) પડવો

(d) અમાસ

(ii) સામાના કલ્યાણની ભાવના

(a) ક્ષમા

(b) આશિષ

(c) અભિશાપ

(d) કલ્યાણ

(iii) પીળા રંગનું વસ્ત્ર

(a) પીતાંબર

(b) શ્વેતાંબર

(c) નીલાંબર

(d) અંબર

(iv) રીસાઈને અમુક સાથે ન બોલવું તે

(a) મીઠડાં

(b) અબોલડાં

(c) બોલકાપણું

(d) હુન્નર

(v) પૂર્વગ્રહરહિત છે તે

(a) તટસ્થ

(b) મધ્યસ્થ

(c) પટકૂળ

(d) અંત્યસ્થ

**7.** સૂચના મુજબ કરો. (કોઈપણ *ચાર*) *4*

(i) 'રવિ' શબ્દનો સમાનાર્થી શબ્દ લખો.

(a) ભાનું

(b) ભાસ્કર

(c) આદિત્ય

(d) (a), (b) અને (c)

(ii) નીચેના સમાનાર્થીનું ક્યુ જોડકું ઉચિત નથી ?

(a) ઝંઝટ : જબરો

(b) નવરો : નિષ્ક્રિય

(c) પ્રતિજ્ઞા : ટેક

(d) પઠ્ઠો : પહેલવાન

(iii) નીચેના સમાનાર્થીનું ક્યુ જોડકું યોગ્ય નથી ?

(a) પુષ્પ : કુસુમ

(b) સમીપ : પાસે

(c) સત : સો

(d) નિત : નિત્ય

(iv) 'ખુલ્લું' શબ્દનો વિરોધી શબ્દ લખો.

(a) સમુદ્ર

(b) બીડેલું

(c) ભરેલું

(d) ઘડેલું

(v) 'પૂનમ' શબ્દનો વિરોધી શબ્દ લખો.

(a) અમાનુષ

(b) અમાસ

(c) પૂર્ણિમા

(d) અપૂર્ણ

**8.** સૂચના મુજબ કરો. (કોઈપણ *ચાર*) *4*

(i) અનુગ ઓળખો : 'એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ.'

(a) એક

(b) ટેવ

(c) ને

(d) પૂજે

(ii) રેખાંકિત નામયોગીની જગ્યાએ અનુગ વાપરો : 'વિનય પેન <u>વડે</u> પ્રશ્નોના ઉત્તર લખતો હતો.'

(a) એ

(b) ને

(c) થી

(d) માંથી

(iii) નામયોગી ઓળખો : 'મેંદરડા તરફથી આવતા કોઈ વાહનના ડ્રાઈવરે જોયું હશે.'

(a) તરફથી

(b) આવતા

(c) જોયું

(d) કોઈ

(iv) વ્યાકરણ અને લેખનરૂઢિને આધારે નીચેનામાંથી ક્યુ વાક્ય ઉચિત છે ?

(a) વરસાદના અભાવે પાણિનો પ્રવાહ પાતળો થયો હતો.

(b) વરસાદના પ્રભાવે પાણિનો પ્રવાહ પાતળો થયો હતો.

(c) વરસાદના અભાવે પાણિનો પ્રવાહ પાતળો થયો નથી.

(d) વરસાદના અભાવે પાણિનો પ્રવાહ પાતળો થયો હતો.

(v) વ્યાકરણ અને લેખનરૂઢિને આધારે નીચેનામાંથી ક્યુ વાક્ય ઉચિત છે ?

(a) જ્યારે સમય મળશે અને હું તેમની મુલાકાત લઈશ.

(b) જ્યારે સમય મળશે હું તેમની મુલાકાત લઈશ.

(c) જ્યારે સમય મળશે ત્યારે હું તેમની મુલાકાત લઈશ.

(d) જ્યારે સમય મળશે અથવા હું તેમની મુલાકાત લઈશ.

## SECTION B

## (વર્ણનાત્મક પ્રશ્નો)

**9.** નીચેની કાવ્યપંક્તિ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. (કોઈ પણ *બે*) *2*

વમળોની વચ્ચે નૈયા મુજ હાલકડોલક થાજો;
શ્રદ્ધા કેરો દીપક મારો નવ કદીયે ઓલવાજો ।
મારું જીવન અંજલિ થાજો !

(i) કવિની નૈયા ક્યાં હાલકડોલક થાય છે ?

(ii) કવિ કેવો દીપક કદી ન ઓલવાય એમ કહે છે ?

(iii) કવિ પોતાનું જીવન કેવું બનાવવા માગે છે ?

**10.** નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો. (કોઈપણ *ચાર*) *8*

(i) ‘મોરલી’ કાવ્યને આધારે શ્રીકૃષ્ણના પહેરવેશનું વર્ણન કરો.

(ii) કવિ શ્રદ્ધારૂપી દીપકને કદી ન ઓલવાય એવું કેમ કહે છે ?

(iii) ‘દીવાનખાનામાં’ કાવ્યની નાયિકા કોનું કેન્દ્ર શોધે છે ? કેમ ?

(iv) ‘તે બેસે અહીં’ કાવ્યમાં ‘વિવેકી’ અને ‘સજ્જન’ મનુષ્યનો પરિચય કેવી રીતે આપ્યો છે ?

(v) પ્રથમ મુક્તકમાં કવિ મૃત્યુ સામે કેવો સંઘર્ષ કરવા માંગે છે ?

**11.** નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. (કોઈપણ *ત્રણ*) *3*

આપણે દેશ પરાધીનતાની બેડીઓમાં જકડાયેલો હતો. ત્યારે દેશની સ્વાધીનતા અને ભારતીય પ્રજાના આત્મસન્માનને માટે વીરચંદ રાઘવજી ગાંધીએ દેશ-વિદેશમાં મહત્ત્વનું કાર્ય હતું. અમેરિકા અને ઇંગ્લૅન્ડ જેવા દેશોમાં પોતાના ત્રણ વિદેશ પ્રવાસમાં તેમણે ભારત અને ભારતીય ધર્મો વિશે 650થી વધુ પ્રવચનો પશ્ચિમના લોકો વચ્ચે આપ્યાં. એ સમયે ભારત એટલે વાઘ, સાપ અને રાજાઓનો દેશ એવી ભ્રામક માન્યતા હતી તે તેમણે દૂર કરી. ભારતીય ધર્મો રૂઢિયો અને ક્રિયાકાંડોનો ધર્મ છે એવો ખોટો પ્રચાર કરવામાં આવતો હતો ત્યારે વીરચંદ ગાંધીએ ભારત અને એની સંસ્કૃતિની ભવ્યતાનો પશ્ચિમને ખ્યાલ આપ્યો.

ભારતના પ્રાચીન ગ્રંથો અને તેની વૈચારિક સમૃદ્ધિની હાંસી ઉડાવવામાં આવતી હતી. ત્યારે તેમણે ભારતીય શાસ્ત્રગ્રંથોમાં રહેલી વૈચારિક અને આધ્યાત્મિક સમૃદ્ધિની વિદેશમાં સમજ આપી. વેદોની મહત્તા. ભારતનું મનોવિજ્ઞાન, ભારતીય તત્ત્વજ્ઞાનના ઊંડાણ વિશે પ્રવચનો આપ્યાં, સાચી સમજ ફેલાવી.

(i) વીરચંદ ગાંધીએ પશ્ચિમના લોકો વચ્ચે કેટલાં પ્રવચનો આપ્યાં ?

(ii) ભારત દેશ શેમાં જકડાયેલો હતો ?

(iii) એ સમયમાં ભારત વિશે કેવી ખોટી માન્યતા હતી ?

(iv) વીરચંદ ગાંધીએ કયા વિષયો પર પ્રવચનો આપ્યાં ?

**12.** નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો. (કોઈપણ *ત્રણ*) *9*

(i) કાનાભાઈ (કાનજી)નો જીવ કેમ રુંધાતો હતો ? જેઠીબાઈએ તેને કેવી રીતે મદદ કરી ?

(ii) 'સૂરજ તો બધે જ સરખો' પાઠમાં લેખકે વિવિધ ફરવાનાં સ્થળોને જે તે સ્થળની શ્રેષ્ઠતમ વાનગીઓ સાથે જોડી દીધાં છે – આ વિધાનની પાઠના આધારે ચર્ચા કરો.

(iii) 'સામગ્રી તો સમાજની છે ને ।' પ્રસંગકથામાંથી મળતો બોધ તમારા શબ્દોમાં લખો.

(iv) દીપકના વ્યક્તિત્વમાં તરવરતી દેશદાઝને તમારા શબ્દોમાં વર્ણવો.

(v) 'પ્રયાણ' પાઠમાં ભદ્રંભદ્રનું વર્તન ક્યારે ક્યારે હાસ્ય જન્માવે છે ?

**(Effective Writing Skill)**

**13.** નીચે આપેલા મુદ્દા પરથી કોઈપણ ***એક*** વિષય પર આશરે 200 શબ્દોમાં નિબંધલેખન કરો. *7*

(i) **કાળનોય કાળ દુકાળ**

પ્રસ્તાવના – વર્ષાનું આગમન – દુકાળ – દુકાળની અસર – સરકાર અને અન્ય સેવાભાવી સંસ્થાઓની સહાય – ઉપસંહાર.

(ii) **એ શિક્ષકને હું ભૂલીશ નહિ**

પ્રસ્તાવના – શાળાજીવનમાં બનેલી ઘટના – શિક્ષકની મદદ – મારી પ્રગતિ – શિક્ષકનાં ગુણો અને તેનો પ્રભાવ – ઉપસંહાર.

(iii) **એક સુશિક્ષિત યુવાનની આત્મકથા**

પ્રસ્તાવના – શિક્ષણ – નોકરી મેળવવા માટેની દોડધામ – નિરાશા – ચિંતન – ઉપસંહાર.

**14.** નીચે આપેલા મુદ્દા પરથી બોધ અને શીર્ષક સાથે વાર્તાલેખન કરો. *6*

કેટલાક તોફાની છોકરાં – મુલ્લાં નસરૂદ્દીનને હેરાન કરવાનું નક્કી કરવું – મુલ્લા રસ્તા પરથી પસાર – છોકરાંઓ વાતો કરતા હતા : ‘આ ઝાડ પર કોઈ ન ચડી શકે.’ – મુલ્લા કહે : ‘તમે તો યુવાન છો, ચાલો હું શીખવું’ – મુલ્લાએ ચંપલ કેડે બાંધ્યા – ઝાડ પર ચડ્યા – છોકરાંઓ કહે : ‘ચંપલ તો નીચે કાઢો’ – મુલ્લા કહે : ‘હું આફત માટે હંમેશા તૈયાર રહું છું.’ – બોધ.

**15.** આપ અબક, 4, ‘પ્રીતવિહાર’, આકાશદીપ ફ્લેટ્સ, પાલડી, અમદાવાદમાં રહો છો. આપનું સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયા, પાલડીમાં બૅન્ક એકાઉન્ટ છે. આપની ચેકબુક પૂરી થઈ ગઈ છે, તો નવી ચેકબુક મેળવવા માટે બૅન્કના મેનેજરને પત્ર લખો. *5*

**અથવા**

“સાક્ષરતા અભિયાન” વિષય પર સચિત્ર જાહેરાત તૈયાર કરો.